# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-05-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day :TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# MUNI CORPORATION NEW MEMBERS

રાજ્યભરની મહાનગરપાલિકામાં આજે મેયર સહિત વિવિધ સભ્યોની વરણી કરવામાં આવી. અમદાવાદમાં મેયર તરીકે હિતેશ બારોટ, નાયબ મેયર તરીકે અંજુ શાહ, સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે કમલેશ પટેલ, દંડક તરીકે અતુલ મિશ્રા અને શાસક પક્ષના નેતા તરીકે જશુ ઠાકોરની નિમણૂક થઈ.

મહેસાણા મહાનગરપાલિકાના પ્રથમ મેયર તરીકે સોનલ ઓઝા, નાયબ મેયર તરીકે રમેશ રાજપૂત અને કારોબારી અધ્યક્ષ તરીકે દિપક પટેલની વરણી થઈ છે.

જ્યારે નવસારીના પ્રથમ મેયર તરીકે અશોક ધોરાજિયા, નાયબ મેયર તરીકે કેયુરી દેસાઈ, શાસક પક્ષના નેતા તરીકે નરેશ પૂરોહિત, સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે મુકેશ અગ્રવાલ અને દંડક તરીકે રાકેશ પટેલની વરણી કરવામાં આવી.

જ્યારે જામનગર મહાનગરપાલિકાના આગામી અઢી વર્ષ માટે મેયર તરીકે મોનિકા વ્યાસ, નાયબ મેયર તરીકે રાકેશ ડેર, સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે ધીરેન મોનાણી અને શાસક પક્ષના નેતા તરીકે અમર મોદીના નામની જાહેરાત કરવામાં આવી.

કચ્છમાં પહેલી વાર અસ્તિત્વમાં આવેલી ગાંધીધામ મહાનગરપાલિકામાં મેયર તરીકે દિવ્યા નાથાણી, નાયબ મેયર તરીકે નવિન ઝરુ, સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે તેજસ શેઠ, શાશક પક્ષના નેતા તરીકે ભરત મિરાણી અને દંડક તરીકે સુરેશ ધુંવાની વરણી કરવામાં આવી.

# JITU VAGHANI MEETING

ગાંધીનગરમાં કૃષિમંત્રી જિતુ વાઘાણીના નિવાસસ્થાને પરામર્શ સમિતિની બેઠક યોજાઈ. તેમાં વર્ક ફ્રોમ હોમ એટલે કે, ઘરેથી કામ કરવા અંગેની રજૂઆત તથા પ્રવેશોત્સવ સહિત સરકારના આગામી કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી.

બેઠકમાં પંચાયત મંત્રી ઋષિકેશ પટેલ, વનમંત્રી અર્જુન મોઢવાડિયા અને નાણામંત્રી કનુ દેસાઈ આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ, શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી મનિષા વકીલ, શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા સહિતના મંત્રીઓ ઉપસ્થિત રહ્યાં.

# MODHVADIYA ON LION DEATH

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ રાજ્યમાં બેબિસિયા વાયરસથી બે સિંહના શંકાસ્પદ મોત થયા હોવાની સ્પષ્ટતા કરી. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં તેમણે કહ્યું, વન વિભાગ અને નિષ્ણાત વેટરનરી તબીબોની ટુકડી સતત મેદાનમાં કાર્યરત્ રહી સિંહોની આરોગ્ય સ્થિતિ પર નજર રાખી રહી છે.

**(BYTE: ARJUN MODHVADIA, FOREST AND ENVIRONMENT MINISTER)**

# SANGHAVI VIDEO CONFERENCE

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી આજે અરજદારોની રજૂઆત સાંભળી. આગામી સમયમાં ઑલિમ્પિક સહિતની અન્ય રમતોની જરૂરી બેઠક માટે હાલ શ્રી સંઘવી વિદેશ પ્રવાસે હોવાનું જણાયું છે. દર મંગળવારે તેઓ ગાંધીનગરમાં અરજદારોને સાંભળતા હોય છે, પરંતુ આજે તેમણે વીડિયો કોન્ફરન્સથી અધિકારીઓ અને સંબંધિત વિભાગને અરજદારોની રજૂઆતોનું નિવારણ લાવવા સૂચના આપી.

# SAURASHTRA EARTHQUAKE

સૌરાષ્ટ્રમાં ગત રાત્રે 1.20 વાગ્યે ધરતીકંપના આંચકાઓ અનુભવાયા. રાજકોટથી અંદાજે નવ કિલોમીટર દૂર આ ધરતીકંપનું કેન્દ્ર બિન્દુ નોંધાયું. જ્યારે રેક્ટર સ્કેલ પર ધરતીકંપની તીવ્રતા ત્રણ માપવામાં આવી હોવાનું રાજ્ય સરકારની ભૂકંપ-શાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું.

# PM SURYA GHAR YOJANA

કેન્દ્ર સરકાર દ્વારા સૌરઉર્જાને પ્રોત્સાહન આપવા પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી પ્રવાહ યોજના શરૂ કરવામાં આવી છે. ત્યારે વલસાડ જિલ્લામાં ફણસવાડા ગામના એક લાભાર્થી ખેડૂત મનમોહન પટેલે આ યોજનાને ખેડૂતો માટે આશીર્વાદ સમાન ગણાવી છે.

**(BYTE: MANMOHAN PATEL, FARMER)**

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 31 મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134-મી કડી હશે.

લોકો તેમના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર 1800–11–7800 પર તેમજ MyGOV ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી ઍપ પર પણ ઑનલાઈન મોકલી શકશે. ઉપરાંત નાગરિકો 1922 નંબર પર મિસ્ડ કૉલ પણ આપી શકે છે અને ટૂંકી સંદેશ સેવા - SMSમાં મળેલી લિન્ક પર ક્લિક કરીને સીધા જ પ્રધાનમંત્રીને તેમના સૂચન મોકલી શકે છે. આગામી 29 તારીખ સુધી મંતવ્ય અને સૂચન મોકલી શકાશે.

# JAMNAGAR MEGA DEMOLITION

જામનગરમાં મહાનગરપાલિકા દ્વારા હાપા વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ હટાવવાનું કામ હાથ ધરાયું. અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે, ઈસ્કોન મંદિરની બાજુમાં આવેલી અંદાજે 50 કરોડ રૂપિયાની કિંમતની જમીન પર કરાયેલા ગેરકાયદે બાંધકામને તોડી પડાયા છે. આ જગ્યા પર આવાસ બનાવાશે.

# SU GYB MoU

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ગુજરાત યોગ બોર્ડ વચ્ચે વર્ષ 2022માં થયેલા સમજૂતી કરારનું પુનઃનવિનીકરણ કરાયું. કરારનો હેતુ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયો, ભવનોના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને યોગ સાથે જોડવાનો છે.

આ અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉક્ટર ઉત્પલ જોષીએ કહ્યું, આ કરારથી યુનિવર્સિટી યોગ ક્ષેત્રે વધુ મજબૂત સ્થાન હાંસલ કરશે અને વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેમની પ્રતિભા પ્રદર્શિત કરવાની વધુ તક મળશે.